Alembic Touching Lives over 100 years

## એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ

CIN: L24230GJ2010PLC061123
**રજીસ્ટર્ડ ઓફિસ :** એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૩
**ફોન :** +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦
**ઈ-મેલ :** apl.investors@alembic.co.in
**વેબસાઈટ :** www.alembicpharmaceuticals.com

## નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની **૧૨મી વાર્ષિક સામાન્ય સભા** (''એજીએમ'') **શુક્રવાર, તા.૧૧મી નવેમ્બર, ૨૦૨૨**ના રોજ **બપોરે ૩.૦૦ કલાકે** એજીએમની નોટીસમાં જણાવ્યા મુજબના વ્યવસાયોના વ્યવહાર માટે કંપની ધારા, ૨૦૧૩ (''ધારા'') અને સિક્યુરિટીસ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ (''સેબી લિસ્ટીંગ રેગ્યુલેશન્સ, ૨૦૧૫'') ની લાગુ પડતી જોગવાઈઓ અનુસાર અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ("MCA") તથા સીક્યુરીટીસ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("SEBI") દ્વારા સમયાંતરે જારી કરાયેલ વિવિધ પરિપત્રો દ્વારા નિર્ધારિત પ્રક્રિયાઓનું પાલન કરતાં વિડિયો કોન્ફરન્સિંગ ("VC") /અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ ("OAVM") દ્વારા યોજાશે.

એલ્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના કંપની સાથે જોડાણની યોજના ની તે સમયે બાકી મંજૂરીને ધ્યાનમાં રાખીને, કંપનીએ રજિસ્ટ્રાર ઑફ કંપનીઝ, ગુજરાત પાસેથી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ની એજીએમ, ૩૦મી ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ અથવા તે પહેલાં યોજવા માટે સમય વિસ્તરણ ની મંજુરી મેળવેલ છે. આ એજીએમ તે મંજૂર થયેલ સમયમર્યાદામાં બોલાવવામાં આવી રહીછે.

એજીએમની નોટીસ સહિતનો વાર્ષિક અહેવાલ જેમાં VC/OAVM દ્વારા એજીએમ માં જોડાવવા તથા ઈ-વોટિંગ કરવાની પ્રક્રિયા અને પદ્ધતિનો સમાવેશ છે તે ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ તે સભ્યોને મોકલવામાં આવ્યા છે જેમના ઈ-મેલ એડ્રેસ કંપની/ડિપોઝીટરીઝમાં નોંધાયેલા છે. વાર્ષિક અહેવાલ નીચે દર્શાવેલ વેબલિંક્સ પરથી ડાઉનલોડ કરી શકાશેઃ

https://alembicpharmaceuticals.com/annual-reports/
https://www.evoting.nsdl.com/

નેશનલ સિક્યોરીટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("NSDL") ની ઈ-વોટિંગ સેવાઓ દ્વારા કંપની તેના સભ્યોને ઈલેક્ટ્રોનિકલી મતદાન કરવાની સુવિધા આપતા આનંદ અનુભવે છે.

રિમોટ ઈ-વોટિંગ (એજીએમ ના સ્થળ સિવાયના સ્થળે થી ઈ-વોટિંગ) ની અવધિ **મંગળવાર, તા. ૮મી નવેમ્બર, ૨૦૨૨** ના રોજ **સવારે ૯.૦૦ કલાકે** શરૂ થશે અને **ગુરૂવાર, તા. ૧૦મી નવેમ્બર, ૨૦૨૨** ના રોજ **સાંજે ૫.૦૦ કલાકે** સમાપ્ત થશે. આ સમયગાળા દરમ્યાન **શુક્રવાર, તા. ૪થી નવેમ્બર, ૨૦૨૨** ની કટ-ઓફ તારીખે શેર ધરાવતા કંપનીના સભ્યો પોતાનો મત ઈલેક્ટ્રોનિકલી આપી શકે છે. ત્યારબાદ રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ NSDL દ્વારા બંધ કરવામાં આવશે.

ઈલેક્ટ્રોનિકલી (ઈ-વોટિંગ) મત આપવાની સુવિધા એજીએમ દરમ્યાન પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. એજીએમમાં હાજર રહેલા સભ્યો, જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી, તેઓ એજીએમ દરમ્યાન તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરી શકશે. જે સભ્યોએ રિમોટ ઈ-વોટીંગ દ્વારા પહેલાથી જ પોતાનો મત આપ્યો છે, તેઓ મીટીંગમાં હાજર રહી શકે છે પરંતુ તેઓ એજીએમ દરમ્યાન ફરીથી પોતાનો મત આપવા માટે હકદાર નથી. રિમોટ ઈ-વોટિંગ અને એજીએમ દરમ્યાન ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમ નોટીસ માં આપવામાં આવી છે.

કોઈ પણ સભ્ય જે ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવતા હોય અને બિન-વ્યક્તિગત શેર હોલ્ડર્સ, જેઓએ કંપનીના શેર્સ ખરીદ્યા હોય અને નોટીસ મોકલ્યા પછી કંપનીના સભ્ય બન્યા હોય અને કટ-ઓફ તારીખે શેર્સ ધરાવતા હોય તેઓ evoting@nsdl.co.in પર વિનંતી કરી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો તેઓ પહેલાથી જ રિમોટ ઈ-વોટિંગ માટે NSDL સાથે રજીસ્ટર થયેલ હોય તો તેઓ તેઓના હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ મત આપવા માટે કરી શકે છે.

જો વોટિંગ અંગે અથવા એજીએમમાં હાજરી આપવા અંગે કોઇ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય તો, કૃપા કરીને સોની સિંઘ, આસીસ્ટન્ટ મેનેજર, NSDL, ચોથો માળ, એ-વિંગ ટ્રેડ વર્લ્ડ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩, ઈ-મેલ evoting@nsdl.co.in, ટેલિ. ૧૮૦૦-૧૦૨૦-૯૯૦ અને ૧૮૦૦-૨૨૪-૪૩૦ નો સંપર્ક કરવો.

**એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ** વતી,
સહી/-

**સ્થળ :** વડોદરા | **ચરનદીપ સિંઘ સલુજા**
**તારીખ :** ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨ | કંપની સેક્રેટરી

આ નોટીસ કંપનીની વેબસાઈટ **www.alembicpharmaceuticals.com** ઉપર ઈન્વેસ્ટર સેકશનમાં અને સ્ટોક એકસચેન્જની વેબસાઈટ **www.bseindia.com** અને **www.nseindia.com** ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેકશનમાં પણ ઉપલબ્ધ રહેશે.